# Day to Day Current Affairs

**17. ઓક્ટોબર 2015**

## ૧. વિશ્વ ગરીબી નાબુદી દિન :

## ૨. અરવિંદ વેગડ – ગુજરાતી ગાયક :

- ગુજરાતના સુપ્રસિધ્ધ ગાયક અને 'ભાઇ ભાઇ' ફેમસ અરવિંદ વેગડ ટીવી રિયાલિટી શો 'બિગ બોસ' ના સ્પર્ધક તરીકે એન્ટ્રી લીધી છે.

- 'બિગ બોસ' ની આ નવમી સીઝન છે.

## ૩. રાષ્ટ્રપતિ ભવન ખાતે 'ઇન્દ્રધનુષ' કાર્યક્રમ :

- આજ 17 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપતિભવન ખાતે 'ઇન્દ્રધનુષ' કાર્યક્રમ યોજાશે.

- આ વર્ષથી જ શરૂ થતાં આ કાર્યક્રમ હેઠળ હવેથી દર વર્ષે દરેક રાજ્યના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેની શરૂઆત ગુજરાતની સંસ્કૃતિથી થશે.

- આ માટે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તથા રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી પણ હાજરી આપશે.

- ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી થતાં આ કાર્યક્રમને ગુજરાત દર્પણ નામ અપાયું છે.

- કાર્યક્રમાં ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો .......' થી માંડીને ગુજરાતની ઓળખ સમા રાસ-ગરબા, મેર રાસ તથા ડાંગી નૃત્ય રજુ થશે.

## ૪. સારાહ ટેલર – ઇંગ્લેન્ડ મહિલા ક્રિકેટર :

- ઇંગ્લેન્ડ તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચુકેલી મહિલા ખેલાડી સારાહ ટેલર ઓસ્ટ્રેલિયામાં પુરૂષોની ક્રિકેટ ટીમમાંથી પ્રથમ ગ્રેડનું ક્રિકેટ રમશે.

- સારાહ ટેલર વિકેટ કિપર છે અને તે ઓસ્ટ્રેલિયાની નોર્ધન ડિસ્ટ્રીકટની પુરૂષોની ટીમ તરફથી સ્થાનિક કક્ષાએ રમાતી વેસ્ટ એન્ડ પ્રીમિયર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવાની છે.

- 1987થી ચાલતી પુરૂષોની આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહિલા ક્રિકેટર રમી નથી.

- આ સાથે સારાહ એવી પ્રથમ મહિલા ક્રિકેટર બની જશે કે જે ઓસ્ટ્રેલિયામાં પુરૂષોની ટીમ તરફથી રમવા ઉતરી હોય.

- સારાહને આ વર્ષે આઇસીસી વન ડે ની મહિલા ક્રિકેટર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનીત કરવામાં આવી હતી.

- અગાઉ ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટર અને ફાસ્ટ બોલર કેટ ફ્રોસ સેન્ટ્રલ લંકશાયર લીગમાં રમનારી સૌપ્રથમ મહિલા ખેલાડી બની હતી.

- તેમજ ઓસ્ટ્રેલિયાની ભૂતપૂર્વ મહિલા ખેલાડી કેથર્યન ફિટઝપેટ્રીક વર્ષ 2006 -2007 માં વિકટોરીયામાં રમાયેલી એક કલબ મેચમાં ડાન્ડેનોંગ તરફથી રમવા ઉતરી હતી.

Vivekanand Academy, Gandhinagar